# સાયન્સ સૅન્ટર ન્યુઝ લેટર

સાયન્સ સૅન્ટર

વૉલ્યુમ ૧, ઇશ્યુ ૪

ઓગષ્ટ ૨૦૧૫
અંક - ૪

**પ્રકાશક**
મિલિન્દ તોરવણે
આઈ.એ.એસ.
મ્યુનિસિપલ કમિશ્નર

**સંપાદક**
સી. વાય. ભટ્ટ
ડે. મ્યુનિસિપલ કમિશ્નર

**સહ સંપાદક**
ભામિની મહિડા
ચીફ ક્યુરેટર

દિવ્યેશ ગામેતી
ક્યુરેટર (સાયન્સ)

**સંયોજક**
ડૉ. પૃથુલ દેસાઈ
પ્રિન્સીપાલ
પી.ટી.સાયન્સ કૉલેજ

## વિજ્ઞાનમાં નવીન ખોજ

### ન્યુ હોરાઈઝન મિશન



**નાસાનું પ્લુટો પરનું 'ન્યુ હોરાઈઝન મિશન':**

આપણા સૂર્યમંડળમાં ત્રણ પ્રકારના ગ્રહો છેઃ ખડકો ધરાવતા ગ્રહો ( બુધ, શુક્ર, પૃથ્વી અને મંગળ); તેઓના પછી મોટા ગ્રહો (ગુરુ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુન); અને ત્રીજો પ્રકાર કે જેમાં સૈદ્ધાંતિક રીતે નેપ્ચ્યુનથી આગળ આવેલ 'કૂપર બેલ્ટ'માં જોવા મળતા બ્રહ્માંડની શરૂઆતના સમયના ઠંડા પદાર્થોનો સમાવેશ થાય છે. આ તે પદાર્થો છે જે પદાર્થોના એકબીજા સાથે જોડાવાને કારણે ગ્રહોનું નિર્માણ થયું હતું. આ પ્રકારના ૧૦ કિ.મી.થી વધુ વ્યાસવાળા અબજો પદાર્થો અહીં વર્ણવેલા ત્રીજા ઝોનમાં હોવાની શકયતા છે. નાસાનું 'ન્યુ હોરાઈઝન મિશન' આવા અવકાશીય પદાર્થોની તપાસ કરનારુ પ્રથમ મિશન છે. આ મિશન સૂર્યમંડળ વિશેના આપણા જ્ઞાનમાં રહેલો ખાલિપો ભરવામાં મદદરૂપ થશે. ન્યુ હોરાઈઝને પ્લુટો ગ્રહની જુલાઈ, ૨૦૧૫માં મુલાકાત લીધેલ છે, જે વધુ આગળ જઈને કૂપર બેલ્ટનો અભ્યાસ કરનાર છે, નેપ્ચ્યુનની કક્ષાથી પણ અબજો માઈલ દૂરના ઘણા મોટા વિસ્તારમાં રહેલા આ પ્રકારના એક કે તેથી વધુ અવકાશીય પદાર્થોનો અભ્યાસ કરનાર છે.

'ન્યુ હોરાઈઝન' ૧૯ જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ કેપ કેનાવરાલ એર ફોર્સ સ્ટેશન, ફ્લોરીડાથી પ્રક્ષેપણ વાહન 'એટલાસ વી ૫૫૧' દ્વારા પ્રક્ષેપિત કરવામાં આવ્યું હતું. ''ગુરુના ગુરુત્વાકર્ષણથી પ્રભાવિત થઈ પ્લુટો પર પહોંચવું'' એ તેનો પ્રક્ષેપણ પથ હતો.

**મિશનની અગત્યની તવારીખોઃ**

**શરૂઆતની યાત્રાઃ**

- પ્રથમ ૧૩ મહિનામાં સ્પેસક્રાફટ અને તેના ઉપકરણોની ચકાસણી, ઉપકરણોનું અંકન, પ્રક્ષેપણ પથમાં સૂક્ષ્મ સુધારાઓ અને ગુરુ ગ્રહ સાથે થનાર મુલાકાતના સમયની કામગીરીનું રીહર્સલ કરવું વિગેરેનો સમાવેશ થતો હતો.
- 'ન્યુ હોરાઈઝન' ૭ એપ્રિલ, ૨૦૦૬ના રોજ મંગળ ગ્રહની કક્ષામાંથી પસાર થયું હતું.
- આ સમયે તેણે એક નાના લઘુગ્રહ (એસ્ટ્રોઈડ)ને ઓળખી તેની વિસ્તૃત માહિતી મેળવી હતી જેને પાછળથી જૂન, ૨૦૦૬માં 'APL' નામ આપવામાં આવ્યું.

**ગુરુ સાથે મુલાકાતઃ**

- 'ન્યુ હોરાઈઝન' ૨૮ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ગુરુ ગ્રહની સૌથી નજીક આવ્યું હતું.
- આ સમયે તે ગુરુ ગ્રહથી ફકત ૨૩,૦૦,૦૦૦ કિ.મી. જેટલા અંતરથી પસાર થયું જે સમયે તેની ગતિ ૫૧,૦૦૦ માઈલ/કલાક (૨૩ કિ.મી. /સેકન્ડ) હતી.

**આંતરગ્રહીય યાત્રાઃ**

- આશરે ૮ વર્ષની લાંબી પ્લુટો સુધીની યાત્રા દરમ્યાન 'ન્યુ હોરાઈઝન'માં કરવામા આવેલી યાંત્રિક કામગીરીમાં સ્પેસક્રાફટની અને ઉપકરણોની ચકાસણી, પ્રક્ષેપણ કક્ષામાં સુધાર, ઉપકરણોનું અંકન અને પ્લુટો ગ્રહ સાથે થનાર મુલાકાત સમયના રીહર્સલનો સમાવેશ થતો હતો.
- આ લાંબા સમય દરમ્યાન 'ન્યુ હોરાઈઝન' તા. ૮ જૂન, ૨૦૦૮ના રોજ શનિની કક્ષામાંથી પસાર થયુ હતું, તા. ૧૮ માર્ચ, ૨૦૧૧ના રોજ યુરેનસ અને ૨૫ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ નેપ્ચ્યુનની કક્ષામાંથી પસાર થયુંહતું.




**પ્લુટો સાથે મુલાકાતઃ**

- જાન્યુઆરી ૨૦૧૫માં 'ન્યુ હોરાઈઝન' પ્લુટોની નજીક જવાની ઘણી બધી કક્ષાઓ પૈકીની એકમાં પ્રવેશ કર્યો હતો.
- ૧૪ જુલાઈ, ૨૦૧૫ના રોજ પ્રથમ વખત 'ન્યુ હોરાઈઝન' પ્લુટોની ખૂબ જ નજીકથી પસાર થયું.
- આ સમયે સ્પેસક્રાફટ પ્લુટોથી ફકત ૭૭૫૦ માઈલ (૧૨,૦૦૦ કિ.મી.) દૂર અને પ્લુટોના ચંદ્ર 'કેરન'થી ૧૭,૯૦૦ માઈલ (૨૮,૮૦૦ કિ.મી.) દૂર હતું.

'ન્યુ હોરાઈઝન' પાસે પ્લુટો સિસ્ટમથી દૂર જઈ શકવાની તથા વિશેષતઃ કૂપર બેલ્ટના પદાર્થોનો અભ્યાસ કરવાની ક્ષમતા છે. 'ન્યુ હોરાઈઝન' પાસે વધુ પ્રમાણમાં હાઈડ્રાઝાઈન ફયુલ હોવાને કારણે તે કૂપર બેલ્ટ ઓબ્જેક્ટ (KBO)ની વધુ નજીકથી પસાર થઈ શકશે. 'ન્યુ હોરાઈઝન'ની દૂરસંચાર પ્રણાલી પ્લુટોથી પણ વધુ દૂરના અંતરથી પણ કામ કરવા સક્ષમ છે. તેના વૈજ્ઞાનિક ઉપકરણો પ્લુટો પરના ઝાંખા સૂર્યપ્રકાશ જેટલા ઓછા પ્રકાશમાં પણ કામ કરી શકે તેવા સક્ષમ છે, જેથી આવનાર દિવસોમાં બ્રહ્માંડના વધુ ગહન રહસ્યો પરથી પડદો ઉઠવાની શકયતા છે.




સૌજન્ય : સર વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કૂલ, સુરત

## આ માસના વૈજ્ઞાનિક

### અસીસ દત્તા



અસીસ દત્તાનો જન્મ ૨, ફેબ્રુઆરી, ૧૯૪૪ તાકી, પશ્ચિમ બંગાળમાં થયો હતો. તેમણે તેમનું એમ.એસસી., પી.એચ.ડી. અને ડી.એસસી કલકત્તા યુનિવર્સિટીમાંથી કર્યું હતું. તેમણે તેમનું પોસ્ટ ડોક્ટરલ રીસર્ચ ઈ.સ.૧૯૬૮થી ઈ.સ.૧૯૭૧માં પબ્લિક હેલ્થ રીસર્ચ ઈન્સ્ટિટયુટ, ન્યૂયોર્કમાંથી તથા ઈ.સ.૧૯૭૧થી ઈ.સ.૧૯૭૩ સુધી કેલિફોર્નિઆમાંથી કર્યું હતું.

અસીસ દત્તા પરમાણવીય જીવશાસ્ત્ર અને જીવવિકાસશાસ્ત્રના વિશેષજ્ઞ હતા. જે મનુષ્યના સ્વાસ્થય અને કૃષિ સાથે સુસંગત હતા. તેમણે બે નવાં જનીનોના કલોનીંગ અને તેમના લક્ષણો પર વ્યાપક પ્રમાણમાં કાર્ય કર્યું હતું, જેનાથી તેમને આંતરાષ્ટ્રીય પ્રશંસા મળી અને નવા રીસર્ચનું ક્ષેત્ર ખૂલી ગયું. તેમના બીજા અગત્યના કાર્યોમાં અમારાન્યસનાં બીજનું કલોનીંગ અને શ્રેણીબધ્ધ જનીનો કે જે ટ્રાન્સ જેનિક પાકોના વિકાસ માટે ઉપયોગી છે કે જેમાં ખૂબ જ વિપુલ પ્રમાણમાં પોષક દ્રવ્યો આવેલા હોય છે. તેમાં પાંચ રીસર્ચને ભારત અને વિદેશોમાં પેટર્ન કરવામાં આવી છે.

અસીસ દત્તા ને ઈ.સ.૧૯૮૦માંશાંતિ સ્વરૂપ ભટનાગર પ્રાઈઝ, ઈ.સ.૧૯૯૧માંજી.ડી.બીરલા એવોર્ડ ફોર સાયન્ટિફિક વર્ક, ઈ.સ.૧૯૯૯માંપદ્મશ્રી અને ઈ.સ.૨૦૦૮ માંપદ્મ ભૂષણ પારિતોષિક એનાયત કરવામાંઆવ્યો હતો. તેઓ જે.એન.યુ., નવી દિલ્હીના વાઈસ ચાન્સેલર રહ્યા હતા અને હાલ તેઓ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ પ્લાન્ટ જીનોમ રીસર્ચમાંવૈજ્ઞાનિકો તરીકે કાર્ય કરે છે.

સૌજન્ય : સર વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કૂલ, સુરત

## સાયન્સ ફેકટ ઓગષ્ટ – ૨૦૧૫

| | |
|---|---|
| ૨ ઓગષ્ટ ૧૮૬૧ | ભારતીય વૈજ્ઞાનિક સર પ્રફુલ્લ્ચંદ્ર રેનો જન્મ. |
| ૪ ઓગષ્ટ ૧૯૫૬ | ભારતનું સર્વપ્રથમ ''અપ્સરા'' નામનું પરમાણું રિએકટર ટ્રોમ્બે (BARC - ભાભા એટોમીક રીસર્ચ સેન્ટર) ખાતે શરૂ થયું. |
| ૫ ઓગષ્ટ ૧૯૩૦ | નીલ આર્મસ્ટ્રોંગ (ચંદ્ર પર પ્રથમ પગ મૂકનાર વ્યકિત)નો જન્મ. |
| ૬ ઓગષ્ટ ૧૮૮૧ | પ્રો. એલેકઝાન્ડર ફલેમિંગ ('પેનીસિલીન' દવાના શોધક )નો જન્મ. |
| ૭ ઓગષ્ટ ૧૯૭૬ | અમેરિકાએ છોડેલું'વાઈકીંગ–૨' અવકાશયાન મંગળની કક્ષામાં પ્રવેશ્યું. |
| ૮ ઓગષ્ટ ૧૯૦૧ | અર્નેસ્ટ લોરેન્સ (સાઈકલોટ્રોનનાં શોધક)નો જન્મ. |
| ૧૨ ઓગષ્ટ | આંતરરાષ્ટ્રીય યુવા દિવસ (યુ.એન.દ્વારા). |
| ૧૨ ઓગષ્ટ ૧૮૭૭ | વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસને ગ્રામાફોનની શોધ કરી. |
| ૧૨ ઓગષ્ટ ૧૯૧૯ | ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ.વિક્રમ અંબાલાલ સારાભાઈનો જન્મ. |
| ૧૪ ઓગષ્ટ ૧૮૮૮ | જહોન લોજી બેઈર્ડ (કલર ટેલિવિઝનના શોધક)નો જન્મ. |
| ૧૭ ઓગષ્ટ ૧૮૭૦ | ફ્રેડરીક રસેલ (પ્રથમ સફળ ટાઈફોઈડ તાવની રશીનાં શોધક)નો જન્મ. |
| ૨૧ઓગષ્ટ ૧૭૫૪ | વિલિયમ મરડોક (ગેસના દિવાના શોધક )નો જન્મ. |
| ૨૨ ઓગષ્ટ ૧૯૨૦ | ડેન્ટન કુલે (પ્રથમ કૃત્રિમ હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ કરનાર)નો જન્મ. |
| ૨૫ ઓગષ્ટ ૧૯૮૯ | હ'વોયેજર ૨'' અવકાશયાન નેપ્ચ્યુન ગ્રહની ખૂબ નજીક પહોંચ્યુ. |
| ૨૬ ઓગષ્ટ ૧૯૦૬ | આલ્બર્ટ સાબીન (ઓરલ પોલીયો રશીનાં શોધક)નો જન્મ. |
| ૨૯ ઓગષ્ટ | આંતરરાષ્ટ્રીય ન્યુકિલઅર પરીક્ષણ વિરોધ દિવસ. (યુ.એન. દ્વારા) |

સાયન્સ ક્વિઝ જવાબ : (૧) ક, (૨) અ, (૩) ક, (૪) અ, (૫) ક, (૬) બ, (૭) અ, (૮) અ, (૯) બ

યુ.એન. : યુનાઈટેડ નેશન્સ, WHO : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન

SCIENCE CENTRE SCS SURAT

**સમય**

મંગળવાર થી શુક્રવાર
સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦

શનિવાર, રવિવાર
તથા
જાહેર રજાના દિવસે
સવારે ૯.૩૦ થી સાંજે ૬.૩૦


**સરનામું**

સાયન્સ સેન્ટર સુરત
સિટીલાઈટ રોડ,
સુરત - ૩૯૫ ૦૦૭

**ફોન નં.**

૦૨૬૧ - ૨૨૫૫૯૪૭
+૯૧ ૯૭૨૭૭ ૪૦૮૦૭

**ફેક્ષ નં.**

૯૧-૨૬૧-૨૨૫૫૯૪૬

**ઈ–મેઈલ**

sciencecentre@suratmunicipal.org

**વેબ સાઈટ**

www.suratmunicipal.gov.in


સુરત મહાનગર પાલિકા
बहुजनहिताय बहुजनसुखाय

## ફન સાયન્સ ગેલેરી એકઝીબીટને ઓળખો

### ત્રિકોણકાર સાથે ગમ્મત

તમારી જમણી બાજુની તકતીને એ રીતે ફેરવો કે જેથી સૌથી મોટા ખાનાનું સંપૂર્ણ પ્રવાહી બે નાના ખાનાને સંપૂર્ણ ભરી દે. તમે ફરી થી તકતી ફેરવશો તો જોશો કે આ બંને નાના ખાનાંઓનું બધુ જ પ્રવાહી પેલા મોટા ખાનાને લગભગ સંપૂર્ણ ભરી દે છે પરંતુ ડાબી બાજુ










**ડાબી બાજુનો ત્રિકોણ**

$AB^2 + BC^2 > AC^2$

$(૧૦.૭)^૨ + (૬.૨)^૨ > (૧૨.૨)^૨$

$૧૧૪.૪૯ + ૩૮.૪૪ > ૧૪૮.૮૪$

$૧૫૨.૯૩ > ૧૪૮.૮૪$

**જમણી બાજુનો ત્રિકોણ**

$AB^2 + BC^2 = AC^2$

$(૧૦.૯)^૨ + (૬)^૨ = (૧૨.૪)^૨$

$૧૧૮.૮ + ૩૬ = ૧૫૩.૭૬$

$૧૫૪.૮ \approx ૧૫૩.૭૬$

## વૈજ્ઞાનિક પ્રશ્ન

### અગ્નિશમનમાં કાર્બનડાયોકસાઈડ ઉપયોગ શા માટે થાય છે ?




કાર્બન ડાયોકસાઈડ અથવા જેનું રાસાયણિક ટૂંકુંરૂપ $Co_2$ છે, તે પ્રાકૃતિક વાયુ છે જેને આપણે શ્વાસમાં લઈએ છીએ. આ વાયુ પૃથ્વી પરના જીવન માટે અગત્યનો છે. : તે પ્રકાશ સંશ્લેષણ તેમજ કોષીય શ્વાસોશ્વાસ માટે મહત્વપૂર્ણ છે.

**ગુણધર્મો :–**

$Co_2$ રંગહીન અને સાધારણ અવસ્થામાં ગંધવિહીન વાયુ છે. તે બળતા પદાર્થ સાથે પ્રક્રિયા કરતો નથી, તેથી જયારે આગ બુઝાવવા માટે ઉપયોગ કરવામાં આવે ત્યારે તેની ઝેરી અસર કે બીજી આડ–પેદાશ ઉત્પન્ન થતી નથી. કાર્બન ડાયોકસાઈડ વિદ્યુત વાહકતા ધરાવતો નથી. તેથી તે કોમ્પ્યુટર રૂમ, ઈલેકટ્રીકલ ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન અને બીજી જગ્યા કે જયાં વધુ પ્રમાણમાં વિજપ્રવાહ હાજર હોય તેવી જગ્યાએ આદર્શ અગ્નિશામક તરીકે ઊપયોગી થાય છે.

**$Co_2$ આગ પર બે રીતે કામ કરે છે :**



(૧) ગેસને દબાણ આપીને છોડવાથી ઠંડક ઉત્પન્ન (કુલિંગ ઈફેકટ) થાય છે, જેને કારણે ઝાકળ જેવા વાદળો અને બરફના કણો બનતા જોઈ શકાય છે.

(૨) દહન ક્રિયા માટે અગત્યના ઓકિસજનને દબાણપૂર્વક છોડેલો ગેસ દૂર ખસેડે છે.

કાર્બન ડાયોકસાઈડના અણુઓ ઓકિસજનના અણુઓ કરતાં ભારે હોય છે. જયારે અગ્નિશામકમાંનો પ્રવાહી કાર્બન ડાયોકસાઈડ ગેસ સ્વરૂપમાં ફેલાય છે, ત્યારે તે આગ પાસે રહેલ ઓકિસજનને ધકકો મારી બહાર કાઢે છે. બળતણ સાથે રસાયણિક પ્રક્રિયા માટે જરૂરી ઓકિસજન પ્રાપ્ય ન હોવાથી આગ ઝડપથી બુઝાય જાય છે.

**આપણે $Co_2$ નો જ ઉપયોગ કેમ કરીએ છીએ બીજા કોઈ કેમિકલ કેમ નહી ?**

ઓરડાના તાપમાને (રૂમ ટેમ્પરેચરે) પ્રવાહી કાર્બન ડાયોકસાઈડને ઊંચા દબાણવાળા પાત્રમાં રાખી શકવાના કારણે અગ્નિશમન માટે $Co_2$ નો ઉપયોગ કરવામાં આવે છે. ૭૦ ડિગ્રી એ તેનું દબાણ ૭૫૦ પીએસઆઈ (જે સ્થિરતાની નજીક છે.) જેટલું હોય છે. જો $Co_2$ ની જગ્યાએ પ્રવાહી નાઈટ્રોજન અથવા ઓર્ગોનનો ઉપયોગ કરવામાં આવે તો ઉત્પન્ન થતુ દબાણ અતિશય વધારે થાય જેને પાત્રમાં સુરક્ષિત રીતે રાખી શકાય નહિ.

સૌજન્ય : સર વી.ટી.ટી. ગર્લ્સ હાઈસ્કૂલ, સુરત

## વિજ્ઞાન ક્વિઝ

**૧. બર્નુલીનો સિદ્ધાંત નીચેની બાબત પર આધારિત છે?**
અ) વેગ   બ) દળ   ક) દબાણ   ડ) લંબાઈ

**૨. મનુષ્યનો કાન કેટલી આવૃત્તિ સુધીનો અવાજ સાંભળી શકે છે?**
અ) ૨૦ હર્ટ્ઝ થી ૨૦ કિલો હર્ટ્ઝ સુધી   બ) ૨૦ કિલો હર્ટ્ઝ થી ૨૦૦ કિલો હર્ટ્ઝ સુધી
ક) ૨૦ હર્ટ્ઝ   ડ) ૨૦ કિલો હર્ટ્ઝ

**૩. તારાઓને તેજસ્વીતાનાં ક્રમાનુસાર ગોઠવનાર પ્રથમ વ્યકિત કોણ હતાં?**
અ) એરીસટ્રાકસ   બ) પાયથાગોરસ   ક) કોપરનીકસ   ડ) હિપ્પારકસ

**૪. ગ્રહોમાં રહેલું ચુંબકીય ક્ષેત્ર શેના લીધે છે ?**
અ) ડાયનેમો ઈફેકટ   બ) ડોપલર ઈફેકટ   ક) ફોટો ઈલેકટ્રીક ઈફેકટ   ડ) સૂર્ય પરનુંપરિક્રમણ

**૫. ગુરૂ ગ્રહનો એક દિવસ કેટલા સમયનો હોય છે ?**
અ) ૩૦ કલાક ૪૦ મીનીટ   બ) ૩ કલાક ૨૦ મીનીટ   ક) ૯ કલાક ૫૦ મીનીટ   ડ) ૫૨ કલાક ૧૦ મીનીટ

**૬. સૂર્ય કલંકનું ચક્ર કેટલાં વર્ષનું હોય છે ?**
અ) ૩ વર્ષ   બ) ૧૧ વર્ષ   ક) ૨૬ વર્ષ   ડ) ૪૯ વષ

**૭. ''ગ્રેટ રેડ સ્પોટ ''કયા ગ્રહ પર છે ?**
**અ) ગુરૂ**   બ) નેપ્ચુયન   ક) યુરેનસ   ડ) શનિ

**૮. સરેરાશ ઉલ્કાનું કદ નીચેના પૈકીની કઈ વસ્તુના જેટલુંહોય છે ?**
અ) રેતીના દાણાં   **બ)** બેઝબોલ   ક) બાસ્કેટબોલ   ડ) કાર

**૯. નીચેના પૈકી કયું સાધન ચંદ્ર પર કામ નહી કરી શકે ?**
અ) થર્મોમીટર   બ) સાયફનટયુબ   ક) સ્પેકટ્રોમીટર   ડ) સ્પ્રીંગ બેલેન્સ

સૌજન્ય : સર વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કૂલ, સુરત

## ષાયન્સ સૅન્ટર

સાયન્સ સેન્ટરના ભોંયતળીયે ૩ડી થિયેટર તેમજ સોવેનીયર શોપ આવેલ છે. જ્યારે પ્રથમ માળ પર ફન સાયન્સ ગેલેરી, પ્લેનેટેરીયમ તેમજ કીડ સ્પેસ આવેલ છે. મધ્યસ્થ સ્તર પર ઑડીટોરીયમ તેમજ બીજા માળ પર ડાયમંડ ગેલેરી આવેલ છે, જ્યારે એન્ટરીંગ ઈન ટુ સ્પેસ ગેલેરી, ટેક્ષટાઈલ ગેલેરી, પાવર ઓફ પ્લે ગેલેરી, કોસમોસ ગેલેરી તથા પોલર સાયન્સ ગેલેરીની કામગીરી ટુંક સમયમાં શરૂ થનાર છે.

| ૩ડી શો | મંગળવાર થી શુક્રવાર નો સમય | શનિવાર, રવિવાર અને જાહેર રજાનાં દિવસો |
|---|---|---|
| અંગ્રેજી શો | ૦૯:૧૫, ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ | ૦૯:૧૫, ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ |
| હિન્દી શો | ૧૦:૦૦, ૧૦:૪૦, ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦ | ૧૦:૦૦, ૧૦:૪૦, ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦, ૦૪:૪૦, ૦૫:૨૦, ૦૬:૦૦ |

| | |
|---|---|
| **સાયન્સ સેન્ટર + પ્લેનેટેરીયમ + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૦૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૬૫ |
| **સાયન્સ સેન્ટર + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **સાયન્સ સેન્ટર +પ્લેનેટેરીયમ +મુઝિયમ +ડાયમંડ ગેલેરી +૩ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૨૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૮૦ |
| **પ્લેનેટેરીયમ** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૫૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **૩ ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |

| **પ્લેનેટેરીયમ** | | | |
|---|---|---|---|
| **મંગળવાર થી શુક્રવાર** | | **શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો** | |
| ૦૯:૩૦ થી ૧૦:૨૦ | અંગ્રેજી | ૦૯:૩૦ થી ૧૦:૨૦ | અંગ્રેજી |
| ૧૦:૩૦ થી ૧૧:૨૦ | ગુજરાતી | ૧૦:૩૦ થી ૧૧:૨૦ | ગુજરાતી |
| ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી | ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી |
| ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી | ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી |
| ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી | ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી |
| ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી | ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી |
| ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી | ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી |
| | | ૦૪:૩૦ થી ૦૫:૨૦ | અંગ્રેજી |
| | | ૦૫:૩૦ થી ૦૬:૨૦ | ગુજરાતી |